# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-11-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. કેન્દ્રીય ગૃહમંત્રી આજથી રાજ્યના બે દિવસના પ્રવાસે.. આવતીકાલે ટપાલ વિભાગના ફિલાવિસ્ટા અને અખિલ ભારતીય પોલીસ વિજ્ઞાન સંમેલનનું ઉદઘાટન કરશે
2. પાટણના ધારપુર મેડિકલ કોલેજમાં રેગિંગને કારણે વિદ્યાર્થીનું મોત થયું હોવાનું બહાર આવતાં પંદર વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરાયા
3. પોરબંદરમાં પાકિસ્તાન મરિન દ્વારા ભારતીય બોટ ઉપર ફાયરિંગ બાદ કોસ્ટગાર્ડની સતર્કતાને કારણે માછીમારોને બચાવાયા
4. ધરોઇ જળાશયમાંથી 93 ગામોના 4000 હેક્ટર જમીન માટે રવિ પાકની સિંચાઇ માટે પાણી છોડવામાં આવ્યું
5. અમદાવાદ શહેરમાં ગુનાખોરીમાં નોંધપાત્ર ઘટાડો થયો

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# AMIT SHAH –A'BAD VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી રાજ્યની બે દિવસીય મુલાકાતે આવ્યા છે. શ્રી શાહ આજે સાંજે ગાંધીનગર સંસદીય મત વિસ્તાર એવા ઘાટલોડીયામાં સ્નેહ સંમેલનમાં ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ હાજર રહેશે..

આવતીકાલે તેઓ ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ટપાલ ટિકિટોના પ્રદર્શન એવા "ફિલાવિસ્ટા 2024"નું ઉદ્ઘાટન કરશે..

ત્યારબાદ  તેઓ ગાંધીનગરના લવાડ સ્થિત રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીમાં 50મા અખિલ ભારતીય પૉલીસ વિજ્ઞાન અધિવેશનમાં ઉપસ્થિત રહેશે. જ્યારે બપોરે શ્રી શાહ સાબરકાંઠાના હિમ્મતનગરમાં આવેલી સાબર ડેરીના 800 મેડિકલ ક્ષમતા ધરાવતા નવા અત્યાધુનિક પશુ આહાર એકમનું ઉદ્ઘાટન કરશે.. આવતીકાલે સાંજે શ્રી શાહ અમદાવાદના શેલા વિસ્તારમાં નવીનીકરણ કરાયેલા શેલા ગામ તળાવનું લોકાર્પણ કરશે.

*(ગાંધીનગરના ટપાલ વિભાગ દ્વારા દાંડી કૂટીર ખાતે યોજાનારા "ફિલાવિસ્ટા-2024" પ્રદર્શનનો ઉદ્દેશ ટપાલ ટિકિટો, ટપાલ ઇતિહાસ અને અન્ય ફિલાટેલી સંબંધિત વસ્તુઓના અભ્યાસ અને સંગ્રહને પ્રોત્સાહીત કરવાનો છે.*

*પ્રદર્શનમાં દુર્લભ અને મૂલ્યવાન ટપાલ ટિકિટો ખરીદી અને નિહાળવા માટે પ્રદર્શિત કરાશે. બાળકોમાં ફિલાટેલીના શોખનો રસ જગાડવા માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન પણ કરાશે. ક્વિઝ, વકતૃત્વ, પત્રલેખન અને ટિકિટ ડિઝાઇનિંગ સ્પર્ધાઓ પણ યોજીને આ કાર્યક્રમને રસપ્રદ બનાવાશે.  પ્રદર્શન દરમિયાન એક ખાસ કવરનું પણ વિમોચન કરાશે.)*

(વોઇસકાસ્ટ – પ્રવેશ અડિએચા)

---------------

# RAKSHA SHAKTI UNI.

અખિલ ભારતીય પોલીસ વિજ્ઞાન સંમેલનની ઐતિહાસિક સુવર્ણ જયંતીની ઉજવણી માટે પોલીસ સંશોધન અને વિકાસ બ્યુરો સુઆયોજીત રીત સજ્જ છે. ગાંધીનગર સ્થિત રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે આવતીકાલથી બે દિવસીય 50મી અખિલ ભારતીય પોલીસ વિજ્ઞાન સંમેલન યોજાઇ રહ્યું છે.

આવતીકાલે આ સંમેલનનું ઉદઘાટન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ કરશે. સુરક્ષા અને કાયદાના અમલીકરણ માટે સમર્પિત રાષ્ટ્રની મહત્વની સંસ્થા એવી રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી પ્રથમ વખત આ સંમેલનનું આયોજન કરી રહી છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં યોજાનારા આ સંમેલનમાં પોલીસ વિજ્ઞાન પ્રદર્શન પણ યોજાશે.. જેમા સમગ્ર ભારતના ઉદ્યોગો પોલીસ અને સુરક્, જરૂરિયાતો માટે નવીનતમ તકનીકી પ્રદર્શિત કરશે.

(બાઇટ - રેખા લોહાની, આઇજી, પોલીસ સંશોધન  વિકાસ બ્યુરો, ગાંધીનગર)

આ પરિષદ દરમિયાન નવા ફોજદારી કાયદામાં ફોરેન્સિક અને ટેકનોલોજીનો ઉપયોગ, કૃત્રિમ બુધ્ધિમત્તાનો ઉપયોગ, આપત્તિ જોખમ ઘટાડવામાં પોલીસની ભૂમિકા, પોલીસિંગમાં બ્લોકચેન ટેકનોલોજીનું ભવિષ્ય, સાયબર ફ્રોડ અને વે ફોરવર્ડમાં મની ટ્રેઇલને ટ્રેસ કરવાના પડકાર, આદિવાસી અને સરહદી વિસ્તારોમાં સામુદાયિક પોલીસીંગ, જેલમાં કટ્ટરવાદ જેવા મુદ્દાઓની ચર્ચા કરવામા આવશે.

આ પરિષદમાં કેન્દ્રીય અને રાજ્ય પોલીસ દળો, જેલ અને સુધારણા લક્ષી સેવાઓ, સામાજીક વૈજ્ઞાનિકો, ફોરેન્સિક નિષ્ણાતો, વિદ્વાનો અને અન્ય હિતધારકો સહિતના 250 જેટલા સહભાગીઓ ભાગ લેશે તેવી માહિતી પોલીસ સંશોધન વિકાસ બ્યુરોના આઇ જી રેખા લોહાનીએ આપી હતી.

-----------

## Patan – Medical College

પાટણ ધારપુર હોસ્પિટલ રેગીંગ મામલે ૧૫ વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરાયા છે.

આ કોલેજમાં પ્રથમ વર્ષ MBBS ના વિદ્યાર્થીના મોત બાદ પોલીસ અને મેડીકલ કોલેજ દ્વારા તપાસ કરતા આ ઘટના રેગીંગની ઘટના હોવાનું જાણવા મળ્યું છે. કોલેજના ડીન હાર્દિક શાહે આ મામલે ૧૫ વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કર્યા હોવાનું જણાવ્યું હતું.

(બાઈટ-હાર્દિક શાહ, ડીન, ધારપુર મેડીકલ કોલેજ)

.......................

## Porbandar – Pakistan Marine Security

ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા પોરબંદરના દરિયામાં પાકિસ્તાન મરીન સિક્યોરિટીએ કરેલ ફાયરિંગમાં ભારતીય માછીમારોને બચાવી લેવામાં આવ્યા છે. પાકિસ્તાન મરીન સિક્યોરિટીએ ગઇકાલે રાત્રે પોરબંદર દરિયામાં ઓખાની બોટ પર ફાયરિંગ કર્યું હતું. ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા બોટના માછીમારોને બચાવી લેવામાં આવ્યા છે. જ્યારે બોટ ડૂબી ગઈ હોવાની માહિતી મળી છે.

પાકિસ્તાન મરીન સિક્યોરિટી ગાર્ડ દ્વારા અવારનવાર ભારતીય બોટ અને માછીમારોને અપહરણ કરી જવામાં આવતા હોય છે. ગઇકાલે રાત્રે ભારતીય જળ સીમા નજીક માછીમારી કરી રહેલી ઓખાની બોટ પર પાકમરીને ફાયરિંગ કર્યું હતું. આ બનાવની જાણ થતાં કોસ્ટગાર્ડ તુરંત મદદે પહોંચી ગયું હતું અને

બોટના માછીમારોને ઓખા બંદરે લાવવામાં આવી રહ્યા છે. ભારતીય જળ સીમા નજીક પાક મરીન દ્વારા ફાયરિંગ કરવામાં આવતા ગુજરાતના માછીમારોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

----------------------

## Dharoi dam

ઉત્તર ગુજરાતના ધરોઇ જળાશયમાંથી 93 ગામોના 4000 હેક્ટર જમીન માટે રવિ પાકની  સિંચાઇ માટે પાણી છોડવામાં આવ્યું.

સાબરકાંઠા જીલ્લાના ધરોઈ જળાશયમાંથી ડાબા કાંઠાની કેનાલમાં ખેડૂતોને રવિ સિઝનમાં સિંચાઈ માટે છ પાણ આપવાના આયોજન પૈકી, પ્રથમ પાણ છોડવામાં આવ્યું છે. હિંમતનગર, ઇડર અને વડાલી તાલુકાના 93 ગામોમાં 4000 હેક્ટર જમીનમાં ખેતીને આ સિંચાઈનો લાભ મળશે. સિંચાઇ વિભાગના મદદનીશ ઇજનેર ડી.એચ.સુથારે વધુમાં આ માહિતી આપી છે.

(બાઇટ- ડી.એચ.સુથારે, સિંચાઇ વિભાગના મદદનીશ ઇજનેર)

---------

## AHMEDABAD CRIME RATE

અમદાવાદમાં ગુનાખોરીમાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કાબૂમાં હોવાનું અમદાવાદ શહેર પોલીસ કમિશનરની કચેરી દ્વારા જણાવાયું હતું.. ચાલુ વર્ષે સપ્ટેમ્બર સુધીમાં 73 ગુના નોંધાયા

હતા જેમાં ગત વર્ષની સરખામણીમાં 24.74 ટકાનો ઘટાડો થયો છે.જ્યારે હત્યાની કોશિશના ગુનામાં અત્યાર સુધીમાં 19 ટકાનો ઘટાડો દર્શાવે છે. આ ઉપરાંત ચોરીના કેસમાં 8 ટકા કરતા વધુ, ઠગાઇના કેસમાં નવ ટકા કરતાં વધુનો ઘટાડો નોંધાયો છે.

પોલીસ કમિશનર દ્વારા જાહેર કરાયેલી વિગતો અનુસાર જમીન માફિયા અને અસામાજીક તત્વો સામે ગુજસીટોકના બે કેસ નોંધાયા છે.

--------------

## BRICS – SAMAPAN

ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે શનિવારે બ્રિક્સ રાષ્ટ્રો દ્વારા ત્રણ દિવસીય BRICS એજ્યુકેશન એક્સપેડીશન યોજવામાં આવ્યું હતું. જેનું આજે સમાપન થયું છે.. બ્રિક્સ અને બ્રિક્સ સહિતના રાષ્ટ્રો વચ્ચે સહકારને પ્રોત્સાહન આપવા માટે આ કાર્યક્રમ યોજાયો હતો.. ભારતના 20 શહેરોમાંથી 100 યુવાઓએ ભાગ લીધો હતો. આ અભિયાનમાં પ્રશિક્ષણ અને સહયોગી સત્રો યોજાયા હતા.

-----------------------

## MEHSANA BRIDGE

અમદાવાદ-મહેસાણા-પાલનપુર રસ્તાને હાઈસ્પીડ કોરિડોર તરીકે વિકસાવવા સરસ્વતી નદી પર નવો મોટો બ્રિજ બનશે..

આ પુલના નિર્માણ માટે રાજ્ય સરાકારે ૧૪૫ કરોડ રૂપિયાની ફાળવવા કરવા મંજૂરી આપી છે, વધતા જતા વાહન વ્યવહારને પહોંચી વળવા સાંકડા પૂલની જગ્યાએ સિક્સ લેન રોડને અનુરૂપ જુના ફોર લેન બ્રિજની જમણી તરફ આ નવો ફોર લેન મેજર બ્રિજ નિર્માણ પામશે. આ બ્રિજનું નિર્માણ થતાં ભવિષ્યમાં ઉત્તર ગુજરાત વિસ્તારને  સમય અનુરૂપ રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાથે ઝડપી અને સલામત રસ્તાની સુવિધાઓ પણ મળતી થશે.

--------------

## Aadijati Vikas Bethak –Balvantsinh

આદિજાતિ વિસ્તારના સર્વાંગી વિકાસ માટે ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક યોજાઈ  આ બેઠકમાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ન્યુ ગુજરાત પેટર્ન આયોજન વર્ષ ૨૦૨૪-૨૫ના અમલ અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૨૪-૨૫માં અંદાજિત ૨૦૧૦ લાખ રૂપિયાની જોગવાઈ સામે અંદાજિત  ૨હજાર ૨૧૪ લાખ જેટલા કામોનું આયોજનકરવામાં આવ્યું છે. જે અંતર્ગત જિલ્લમાં અંદાજિત ૬૧૭ કામો દ્વારા ૨૧ હજાર૭૧૬ જેટલા લાભાર્થીઓને લાભ મળશે.

બેઠકમાં જિલ્લામાં પાક અને કૃષિ, પશુપાલન, ડેરી, વન, પર્યાવરણ, સહકાર, ગ્રામવિકાસ, વીજળી, ગ્રામ લઘુ ઉદ્યોગ અને રસ્તાઓ, શિક્ષણ અને સરકારી અનેક યોજનાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં લોકસભા

સાસંદ શોભાનાબેન બારૈયા અને રાજ્યસભા સાંસદ રમીલાબેન બારા હાજર રહ્યા હતા.

----------------------------